MARCH, 2023 VOL. 1.4

# NBMT e-Newsletter

*Quarterly Newsletter of Niranjan Bhagat Memorial Trust*



## Welcome

Hello Friends,

The year 2023 has started with many activities happening here at Niranjan Bhagat Memorial Trust.

To begin with, on 17th January, the office got busy in hosting a meeting of eminent persons of Gujarati literature, publications, and others, for **Ekatra Foundation**.

On 1st February, on 5th death anniversary of Niranjan Bhagat, Memorial Lecture was presented by **Gulammohammed Sheikh**.

On February 17th, **Felicitation Event** was held at Ahmedabad University, for the schools under 'માધ્યમ ગુજરાતી, ઉત્તમ અંગ્રેજી' (MaGu) project, for their sincere dedication and support. A report is elsewhere in this newsletter. Professor Ankur Sarin and his research team from IIMA, highlighted importance and value of this project to the larger society. The support from Bharat Mavadia and Mithun Khandwala is well appreciated by us all.

From the Archives section, we bring Bhagatsaheb's views on 'Uttam Angreji,' although the presented paper is of very poor quality - treatment for preserving such papers will be done in due time.

*...continued to p. 2*

*Welcome to NBMT e-Newsletter!*

### IN THIS ISSUE


- Current Activities
- Ongoing Projects
- Events Calendar
- Remembering Niranjan Bhagat
- Ashima Literary Hub
- About us
- Contacts


### EVENTS CALENDAR - 2023

| | |
|---|---|
| 18th May... | Award Function |
| 14th April... | Film Club |
| 28th April... | Film Club |
| June... | Quarterly Lecture |

NBMT e-Newsletter

Quarterly Newsletter of Niranjan Bhagat Memorial Trust

*...continued from page 1*

On 11th March, **Havmor Evening with Babu Suthar** was hosted and it was an interesting conversation with the group that was present. It was very much in the Havmor-Niranjan-Café' style!

On 25th March, under our 'ત્રૈમાસિક વ્યાખ્યાનમાળા' series, fourth lecture was given by **Subhash Bhatt**, which made us all contemplate on the subject. The series of these lectures had started from May 2022, and the youtube link of these lectures is given in following pages - Do subscribe to the youtube channel too!

Please **Save the Date!** On 18th May 2023, we will be celebrating Bhagatsaheb's 97th birthday with Niranjan Bhagat Memorial Award function. As announced earlier, this year the award will be presented to **Shri Raman Soni**.

Lastly and most importantly, we wish to extend our sincere thanks to the **Donors, and Sponsors** of various activities, which help us manage the activities, and keep alive the spirit of Niranjanbhai.

Hope to see you all soon...

*Roopal Mehta*

---

## નિરંજન ભગત મેમોરિયલ ટ્રસ્ટના વિવિધ પ્રકલ્પોની ગતિવિધિ

### Film Club: A Different Evening

Mohan Rakesh's play
**'Aadhe Adhure'**, as a Cineplay

This was a path breaking play written in 1969 that unfolded the horizons of Indian contemporary literature. The play was staged in several languages including English in several cities in India and abroad.

The first version was staged in Bengali by renowned play director Shyamanand Jalan in Calcutta. This version of the play is a Cineplay, where the play is performed and recorded using all the modern camera techniques including close-ups when required. It was produced by Nandita Das in 2014. The legendary actors team includes Mohan Agashe, Lilette Dubey, Ira Dubey and Rajeev Siddhartha.

My sincere suggestion as a curator of the films shown, to all of you is **not to miss such screenings**. The direction, photography, screenplay and acting, all are unbelievable in my humble opinion.

***Chintan Parikh***



**'Aadhe Adhure'**

**Subscriptions / Renewals**

+91 9909988188

admin@filmevening.in

NBMT e-Newsletter

*Quarterly Newsletter of Niranjan Bhagat Memorial Trust*

## Project English: માધ્યમ ગુજરાતી ઉત્તમ અંગ્રેજી

Madhyam Gujarati Uttam Angreji Project, under NBMT, is underway since September 2022 in 16 schools across Gujarat. Currently 1390 students are enrolled across 16 schools. We have enrolled 35 teachers from these schools itself and trained them to teach the course. In all the schools combined, more than 650 lectures have been conducted till now. More than half of the schools have completed or about to complete the syllabus.

The schools which have been very meticulous in implementation and have sincerely adhered to the task, were specially felicitated for their dedication and support on 17th February 2023, in a Feedback and Workshop event held at Ahmedabad University. During the feedback session teachers have mentioned that not only the teachers but the students and their parents are very much excited about the MGUA classes. In fact now the students remind the teachers about the schedule of the classes. In some of the schools we could observe the ratio of students' attendance has increased on the day when MGUA classes are arranged. So it seems that the ownership is now shifted from teachers to the students.

Prof. Dr. Ankur Sarin and his research team of the Public Systems Group and the Ravi J Mathai Center for Innovation in Education of Indian Institute of Management, Ahmedabad (IIMA) are involved as a design development, documenting and impact assessment partner Professor Anukr Sarin from IIMA highlighted importance and value of project to the larger society. He said that the impact we see of this pilot project is very high and the value addition it can make to education pedagogy, teaching English and growing importance of mother tongue, is very high.


***Prafull Anubhai***

## આર્કાઇવ્ઝ

### ઉત્તમ અંગ્રેજી - સમાજ અને સંદર્ભ

૧૯૪૭માં સ્વરાજ આવ્યું ત્યારે ભારતની પ્રજા સમક્ષ બે વિકલ્પો હતા. એક વિકલ્પ હતો ગાંધીવાદી સમાજનો અને બીજો હતો યંત્રવૈજ્ઞાનિક સમાજનો. ગાંધીજીએ ૧૯૦૯માં 'હિંદ સ્વરાજ' લખ્યું ત્યારે તેમની સમક્ષ સ્વરાજ પછીના ભારતના સમાજનું અને એની સંસ્કૃતિનું એક ભવ્ય સુંદર દર્શન હતું. અને ચારેક દસકા લગી પોતાના અંગત જીવન દ્વારા તથા સત્ય અને અહિંસાના અનેક વ્યાપક પ્રયોગો દ્વારા એમણે એ દર્શનને પ્રતીતિનું પરિમાણ અર્પ્યું હતું. ભારતમાંથી ભલે અંગ્રેજો ન જાય, પણ અંગ્રેજોની સંસ્કૃતિ જાય, પશ્ચિમની ઔદ્યોગિક સંસ્કૃતિ જાય. ભારતમાં અંગ્રેજોનું આગમન થયું તે પૂર્વે ભારતમાં જે સમાજ અને જે સંસ્કૃતિ હતી અથવા તો પુનરુત્થાન યુગ પૂર્વે મધ્યયુગમાં યુરોપમાં જે સમાજ અને એની જે સંસ્કૃતિ હતી, તે સમાજ અને તે સંસ્કૃતિ સ્વરાજ પછી ભારતમાં થાય. આ સમાજ અને આ સંસ્કૃતિમાં અર્થતંત્રમાં ઉત્પાદનની પદ્ધતિમાં વિકેન્દ્રીકરણ હોય અને ઉત્પાદનના સાધનોમાં રેંટિયાકરણ હોય. જીવન સાદું, સરળ, સુખી અને ....

(નિરંજન ભગત આર્કાઇવ્ઝમાંથી)



# NBMT e-Newsletter

*Quarterly Newsletter of Niranjan Bhagat Memorial Trust*


## સાહિત્યચર્યા: ત્રૈમાસિક વ્યાખ્યાનશ્રેણી

**Videos of Quarterly Lectures:**

- 4th Quarterly Lecture by Subhash Bhatt, 25th March 2023
- 3rd Quarterly Lecture by Ajay Sarvaiya, 24th December 2022
- 2nd Quarterly Lecture by Shirish Panchal, 24th September 2022
- 1st Quarterly Lecture by Raman Soni, 27h May 2022

https://www.youtube.com/@niranjanbhagatTrust

***'Sahityacharya' is Sponsored by***

***Dushyant Shah Charitable Trust and Nayana Shah***



# નિરંજન ભગતની સ્મૃતિમાં મેમોરિયલ લેક્ચર યોજાયું

'હાથ મેળવીએ...' નિરંજન ભગતના અવાજમાં તેમની આ રચના દ્વારા જ્યારે કાર્યક્રમની શરૂઆત કરવામાં આવી ત્યારે ઉપસ્થિત શ્રોતાગણોને આ કાવ્ય દ્વારા તેમની અનુભૂતિ કરવાનો અવસર મળ્યો. નિરંજન મેમોરિયલ ટ્રસ્ટ દ્વારા નિરંજન ભગતના પાંચમી મૃત્યુ તિથિ નિમિત્તે મેમોરિયલ લેક્ચરનું આયોજન કરાયું હતું, જેમાં વડોદરાના ગુલામ મહોમ્મદ શેખ દ્વારા 'વ્યૂઅર'સ વ્યૂ લૂકિંગ એટ પિક્ચર' વિષય પર વ્યાખ્યાન આપ્યું હતું. આ વ્યાખ્યાનમાં ગુલામ મહોમ્મદ શેખ ત્રણ ચિત્રકાર ડિએગો વેલાઝક્વેઝ, બિશન દાસ અને બિનોદ બિહારી મુખર્જીના ચિત્રો વિશે સમજ આપી હતી.

## Media reports

"VIEWER's VIEW: LOOK AT PICTURES": ARTIST GULAMMOHAMMED SHEIKH's LECTURES

AHMEDABAD, 1 FEBRUARY 2023, Ahmedabad University Hall 17.30
THRISSUR, 13 FEBRUARY 2023, FINE ARTS COLLEGE, 11.00

Involving the viewer as a participant in preserving works of art, the talk deals with three seminal paintings of diverse origins. It explores spatial constructs of Las Meninas by Diego Velazquez, an easel painting in oil; House of Shaikh Phool by Bishan Das, a hand-held folio in gouache; and Medieval Saints by Benodebehari Mukherjee, a fresco buono mural.

An opportunity for the art lovers in Ahmedabad and Thrissur. The Ahmedabad lecture is part of the 4th Niranjan Bhagat Memorial Lecture. Niranjan Bhagat (1i May 1926 – 1 February 2018) was an eminent poet who wrote both in Gujarati and English. For his critical work "Gujarat Sahitya – Purvardha Uttarardha" he won the Sahitya Akademi Award.

*(source: various newspapers)*

## વકતવ્યોમાંથી અંશત: ...


આજનું મારું આ વ્યાખ્યાન નિરંજન ભગતની સ્મૃતિને સમર્પિત છે. What I have in my hand today are actually 3 painitings, or actually 3 painters - to be specific, from different spheres of time. My own reading or understanding is, that the moment we begin to look at a painting, and if you begin to probe a painting, we literally enter the painting and become part of the process of painting...
(- ગુલામ મોહમ્મદ શેખ)

વંદન કરું છું કે એવી પાવક ભૂમિને કે જ્યાં આવી ચેતનવંત જાજરમાન વ્યક્તિ સાથે જોડાયેલા લોકો, તેમના વિદ્યાર્થીઓ. જેઓ પોતાના ગુરુ માટે અખંડ દીવો રાખે -આ વાત બહુ મજા પડે એવી છે. એ પળને, એમના સમગ્ર જીવનને વંદન કરું છું. મને બહુ હતું કે સેન્ટ ઝેવીયર્સમાં અમદાવાદમાં ભણું. જ્યારે સેન્ટ ઝેવીયર્સમાં ભણવા ગયો, ત્યારે ભગતસાહેબ પાસે શીખવા ગયો. He was teaching poem Daffodils. He taught Daffodils for three days. ચૌદ લીટીનું એક કાવ્ય - 3 દિવસ લાગ્યા. What a Brilliant mind - મારી ભૂમિકા નહતી અને ત્યાં હુ બેઠો હતો. આજે હવે ભૂમિકા છે અને તેઓ નથી...
(- સુભાષ ભટ્ટ)

સુખદ આશ્ચર્ય એ થાય કે ભગત સાહેબસાહેબના નિમિત્તે આ પ્રકારના પ્રકલ્પો કરવા, એ કદાચ હું માનું છું કે ભારતમાં પણ દુર્લભ હશે. ભગતસાહેબની સ્મૃતિમાં આ પ્રકારની યોજના કરવી અને પછી યોજકો પડદા પાછળ જતા રહે, એ વાત આપણને બહુ સ્પર્શે એ પ્રકારની છે. આજે સૌથી મોટી કટોકટી આપણી ભાષાની છે. કદાચ જો પ્રજા જાગ્રત ન થાય તો ભાષાનું શું થશે, એ ખબર નથી... (- શિરીષ પંચાલ)

https://www.youtube.com/@niranjanbhagatTrust/playlists

## નિરંજન ભગત સ્મારક પુરસ્કાર


રમણ સોની

**Award**

ત્રીજો નિરંજન ભગત સ્મારક પુરસ્કાર ગુજરાતીના **અગ્રગણ્ય વિવેચક રમણ સોની**ને આપવામાં આવશે. આ મુજબની જાહેરાત ૧લી ફેબ્રુઆરી, નિરંજન ભગતની પાંચમી પુણ્યતિથીના રોજ યોજાયેલા નિરંજન ભગત સ્મારક વ્યાખ્યાનમાં કરવામાં આવી હતી.

પુરસ્કારની અર્પણવિધિ, **૧૮મી મે** (૨૦૨૩), નિરંજન ભગતના ૯૭મા જન્મદિવસે યોજાનારા ખાસ સમારંભમાં કરવામાં આવશે. આ પહેલાં ત્રિદીપ સુહૃદ અને હરીશ મીનાશ્રુને આ પુરસ્કાર આપવામાં આવ્યો છે. પુરસ્કારમાં પ્રશસ્તિ-નોંધ સાથે રૂ. ૧,૦૦,૦૦૦/- નો ચેક અર્પણ થશે.

**રમણ સોની**: લગભગ ચાર દાયકા સુધી ગુજરાતી ભાષા-સાહિત્યના મહારાજા સયાજીરાવ અને અન્ય યુનીવર્સીટીમાં અધ્યાપક રહી ચૂકેલા, વડોદરા-સ્થિત રમણ સોનીનું સાહિત્યના અનેક પ્રકારોમાં અર્થપૂર્ણ પ્રદાન છે. રમણ સોની સર્વ પ્રથમ એક તટસ્થ અને સ્પષ્ટવક્તા વિવેચક છે. તદુપરાંત જ્ઞાનકોશ, એટલે કે એન્સાયક્લોપિડીઆ, અનુવાદ, સંપાદન અને સાંસ્કૃતિક અભ્યાસ તેમના રસના વિષયો છે. એક છેડે નરસિંહ મહેતા, તો બીજે છેડે જાપાનીઝ નવલકથા તોત્તોચાન અને ત્રીજે છેડે સ્વીસ ટૂંકી વાર્તાઓ – આ બધું જ તેમની કલમે પોંખાયું છે. 'પ્રત્યક્ષ' જેવાં પ્રતિષ્ઠિત સામયિકનું તેમણે ૨૫થી અધિક વર્ષ સુધી સંપાદન કર્યું હતું અને છેલ્લા ૯ વર્ષથી અમેરિકા-સ્થિત એકત્ર ફાઉન્ડેશન દ્વારા પ્રગટ થતા ઈ-જર્નલ 'સંચયન'નું તેઓ સંપાદન કરી રહ્યા છે.

## પ્રકાશન

We are happy to announce that our two publications are likely to be released on 18th May. Both are in the final stages of production:

1) નિરંજન ભગતના અનુવાદો

2) Niranjan Bhagat, makers of Indian Literature

***Shailesh Parekh***

## Ashima Literary Hub

- શનિસભા - બાળસાહિત્ય
  *every 1st & 3rd Saturday - 10 am to 1*
- શનિસભા - કાવ્યશાળા
  *every Saturday from 6pm to 7.30pm*
- અમદાવાદ વાર્તાવર્તુળ
  *(short story workshop)*
  *once a month - 11 am to 6pm*
- *Meditation-Heartfulness*
  *every Wednesday, Sunday*

## સ્કોલરશિપ - ૨૦૨૨

'ક્રિયાપદ' વિશે અભ્યાસ કરી રહેલા **ડૉ. અરવિંદ ભાંડારી** તેમના સંશોધાત્મક નિબંધ વિશે જણાવે છે કે:

"ઉપરોકત પ્રોજેકટનું કાર્ય પૂરું થયું છે. મારા આ કાર્યમાં ટ્રસ્ટ દ્વારા કરેલ મદદ માટે હું ટ્રસ્ટનો મન:પૂર્વક આભાર માનું છું."

આ પ્રકલ્પનો આરંભ વર્ષ ૨૦૨૨થી કરવામાં આવ્યો છે. ગુજરાતી ભાષા અને સાહિત્યમાં સંશોધાત્મક અભ્યાસને વેગ મળે તે માટે આ આયોજન કરવામાં આવ્યું છે. આ સંદર્ભે હાલ દર વર્ષે કોઈ એક સંશોધકને એક લાખનું માનદેય આપવાનું નક્કી કરવામાં આવ્યું છે. આ માટે આ વિષયના વિદ્વાનોની એક પસંદગી સમિતિનું ગઠન પણ કરવામાં આવ્યું છે.

***This Scholarship is Sponsored by Dr. Nitin Sumant Shah - Heart Foundation & Research Institute***

NBMT e-Newsletter

*Quarterly Newsletter of Niranjan Bhagat Memorial Trust*

## Havmor Evening

તા. ૧૧/૩/૨૩ના રોજ પ્રથમ ‘હેવ-મોર’ ચર્ચાસભાનું આયોજન કરવામાં આવ્યું હતું. અમેરિકા સ્થિત ભાષાવિજ્ઞાની શ્રી બાબુ સુથારની ઉપસ્થિતીમાં એક વિચાર-ગોષ્ઠી રચાઈ હતી. જેમાં ભાષાવિજ્ઞાની શ્રી અરવિન્દ ભંડારી, શૈલેશ પારેખ, અમર ભટ્ટ, રાજેન્દ્ર પટેલ, અજય રાવલ, લાલુભા ચૌહાણ વગેરે સાહિત્યકારોએ ભાગ લીધો હતો. એમની સાથેના વાર્તાલાપમાં મુખ્યત્વે નીચેના મુદ્દાઓની તલસ્પર્શી ચર્ચા થઈ હતી. પહેલો મુદ્દો ગુજરાતી મૂળાક્ષરોના ક્રમ સંદર્ભે થઈ હતી. બાળક જ્યારે ગુજરાતી શીખવાનો આરંભ કરે છે ત્યારે તેને પારંપરિક પધ્ધતિએ બારખડી ભણાવવી જોઇએ કે તેને માટે નવો અભિગમ દાખવવો જોઇએ કે કેમ? અરવિન્દ ભંડારી નવા અભિગમના પક્ષકાર છે જેનો આરંભ પણ પાઠ્યપુસ્તકોમાં થઈ ગયો છે. જ્યારે બાબુ સુથાર આ અભિગમને સ્વીકરતા નથી. એ પારંપરિક ઢાંચા સાથે રહેવા ઇચ્છે છે. બંનેનો દૃષ્ટિકોણ અલગ હોવા છતાં વિધાર્થીને ગુજરાતી મૂળાક્ષરો સરળતાથી સહજ અવગત થાય તે મુખ્ય વાત હતી. .બીજો મુદ્દો સર્જાતા ગુજરાતી સાહિત્યમાં માતબર અને ઠોસ સર્જકતા કેમ જોવા મળતી નથી? તે હતો. ચર્ચાના અંતે ત્રણ મુદ્દા સ્પષ્ટ થયા. પશ્ચિમના અને અન્ય ભાષાના ઉત્તમ સાંપ્રત સાહિત્યના યોગ્ય અનુવાદની ઉણપ એક કારણ, બીજું કારણ સર્જાતા સાહિત્યમાં પ્રયોગશીલ સર્જનાત્મક સાહિત્યની ગેરહાજરીછે તે, અને સર્જાતા સાહિત્ય પર નિર્મમ વિવેચનનો અભાવ તે પણ છે. ચર્ચાઓ કરતાં કરતાં બાબુ સુથારે વાંચન કેમ કરવું તેના પર પણ ખાસ ભાર મૂકેલો. આ સંદર્ભે એમનું એક વિધાન બહુ વિલક્ષણ હતું. “Don’t read for information but read for arguments. આખી ચર્ચાસભા ખૂબ રસપ્રદ રહી અને બે કલાક ક્યાં વહી ગયા તેનો ખ્યાલ પણ રહ્યો નહિ. આરંભે અને અંતે બાબુ સુથારે નિરંજન ભગતને ખૂબ આદર અને પ્રેમથી યાદ કર્યાં હતાં.

**- રાજેન્દ્ર પટેલ**

### *What is Havmor-evening?*


*The concept of ‘Havmor-evening' or 'Havmor-Niranjan Cafe’ is, Niranjanbhai loved sitting at Havmor restaurant near Town Hall, Ahmedabad, and he loved talking to his colleagues about world poetry and literature.*

*Here is what the literary circle notes... (source: various writers)*

* અમદાવાદમાં ટાઉનહૉલ કલાકારોનું મિલનસ્થાન હતું. નાટકના કલાકારો તથા સંગીત ક્ષેત્રના કલાકારો ત્યાં મહેફિલ જમાવતા. ટાઉનહોલના કમ્પાઉન્ડમાં હેવમોર રેસ્ટોરાન્ટ હતું. ત્યાં સાહિત્યકારો સાહિત્યની ચર્ચા કરતા.

* અમદાવાદની ટાઉનહોલ પાસેની હેવમોર અગિયાર વાગ્યે બંધ થયા પછી જો પાંચસાત જણા અંધારામાં બેઠા હોય તો એ કવિઓ હોય કેચિત્રકાર. નિરંજનભાઈ હેવમોર-કાફેમાં બેસવા અચૂક જતા. ત્યાંથી ચર્ચાના દોર શરૂ થતાં, કાવ્યો પ્રગટ થતાં, સાહિત્ય મંથન થતું...

* ઉદયન ઠક્કર લખે છે, અમદાવાદની 'હેવમોર' માં આઇસક્રીમ ખાઉં છું, ત્યાં સાદ સંભળાય છે, 'લાવો તમારો હાથ, મેળવીએ...' આ છેડે હું બેઠો છું, સામે છેડે ભવભૂતિ. બેયને લાગે: કહે છે તો મને જ!




* વિનોદ ભટ્ટ એક પ્રસંગ ટાંકે છે:
નિરંજન ટાઉનહોલની હેવમોર રેસ્ટોરન્ટમાં બેઠા હતા. એમને શોધતા પેલા નવલકથાકાર ત્યાં આવ્યા. ‘ઓહો! તમે અહીં ક્યાંથી?’ નિરંજને પૂછ્યું. ‘તમને જ મળવા આવ્યો છું. ઘેરથી બાએ કહ્યું કે નિરંજન હેવમોર પર છે એટલે પછી આપણે તો અહીં આવ્યા...’
‘સારું કર્યું... કંઇ કામ હતું?’ નિરંજને પૂછ્યું.
‘હા... કામ તો ખરુંસ્તો!’
‘ફરમાવો...’
‘મારું એક નાટક તમારે વાંચવાનું છે...’
‘ભલે, તમારું નાટક વાંચવાનું તો ગમશે...’
‘ચોવીસ કલાકની અંદર વાંચી આપવું પડશે.’
‘મંજૂર, ચોવીસ કલાકમાં જ વાંચી નાખીશ. પછી?’
‘પછી શું? કોઇ છાપા-બાપામાં એના વિશે તમારે લખવાનું છે. એટલું જ નહીં ભૈ, એની પ્રશંસા કરવાની છે. એક ઉત્તમ નાટક તરીકે એને બિરદાવવાનું છે.’
આ સાંભળી નિરંજન ડઘાઇ ગયા. પણ તમ્મર ચડી જાય એવો છેલ્લો ફટકો તો હજી બાકી હતો: ‘આ નાટક મેં આઇ.એન.ટી.ની હરીફાઇમાં મોકલ્યું છે. એને પાંચ હજાર રૂપિયાનું ઇનામ મળે એ માટે તમારે તમારા મિત્ર દામુ ઝવેરીને દબાણ કરવાનું છે...

આટલું સાંભળતાં તો નિરંજન લગભગ બેભાન જેવા થઇ ગયા. થોડી કળ વળતાં તેમણે એ લેખકને ગુસ્સા કરતાંય ખાસ તો વેદનાથી કહ્યું: ‘તમારું ચસકી તો નથી ગયું ને?’
ફેવરિઝમ તરફ નિરંજનને ભારે સૂગ. કીર્તિની ભૂખ, પૈસાનો મોહ, ચંદ્રકો-આમાંના કશા પર નજર રાખ્યા વગર જે સામેથી આવીને ખોળામાં પડે તેનો પ્રેમથી સ્વીકાર કરતા.

# NBMT e-Newsletter

*Quarterly Newsletter of Niranjan Bhagat Memorial Trust*

## સ્મરણયાત્રા : Remembering Niranjan Bhagat



**A Classic Click!**

*Photo: Niranjan Bhagat, Umashankar Joshi, and Jhinabhai Desai (સ્નેહરશ્મિ) at Kulpati Niwas, Gujarat University, when Umashankar Joshi was Vice-Chancellor (1960s/1970s)*

***A rare picture.***

*- contributed by* ***Dr.Preeti Mehta***

> ***We welcome your contributions to the column 'Remembering Niranjan Bhagat' by sharing stories, anecdotes, impressions, pictures, audio/video recording etc.***
>
> ***send them to: secretary@nbmt.in***

*Thank you for your Contributions!*

## Tribute

**અર્પણ**

### નિરંજન ભગત
### - ઉદયન ઠક્કર

કોરા કાગળ પર પાતળો નળાકાર દોરો
રાજેન્દ્ર શાહ કહેશે, વાંસળી
નિરંજન ભગત કહેશે, મિલનું ભૂંગળું

'નિરંજનભાઈ ડોક્ટર નથી?'
કોઈ અધ્યાપકે
પીએચડી થયેલા સ્વરમાં પૂછ્યું.
'છે ને,' હું બોલ્યો
'કશીય વાઢકાપ વગર
ટૂંકી દ્રષ્ટિનો ઉપચાર કરતા એકમાત્ર ડોક્ટર.'

ચાળીસ વરસની ચુપકીદી પછી
ભગતસાહેબ ફરી કાવ્યો રચે છે
પાંખો ફફડાવે છે
શાહમૃગ

'હેવમોર' માં આઇસક્રીમ ખાતાં, સાદ સંભળાય
'લાવો તમારો હાથ, મેળવીએ...'
એક છેડે હું બેઠો હોઉં
બીજે છેડે ભવભૂતિ
બેયને લાગે:
મને કહે છે!

(સાભાર: 'રાવણહથ્થો,' કાવ્યસંગ્રહમાંથી)




(સાભાર: ગુજરાત સમાચાર તા.૨૯-૧-૨૦૨૩)

# NBMT e-Newsletter

*Quarterly Newsletter of Niranjan Bhagat Memorial Trust*

## ABOUT US

Trustees

- Prafull Anubhai
- Pavan Bakeri
- Taralaben Bhagat
- Chintan Parikh
- Shailesh Parekh
- Roopal Mehta

To perpetuate Niranjan Bhagat's memory and promote the ideals he lived for this Trust was formed on 14.5.2018 by his friends and family. Apart from the Trustees stated above, the Core Working Group of the Trust consists of:

Sandip Bhagat, Amar Bhatt, Paulomi Lalbhai, Preeti Mehta, Amit Parikh, Rajendra Patel, Dilip Shah, Rashmi Shodhan, Nitin Shukla, Tridip Suhrud

Secretary: Vijay Shah
secretary@nbmt.in

The Trust is registered u/s 12A No. AACTN9188JE20213 dated 29.11.2021 (Old-12AA no. ITBA/Exm/S/12AA/2019-20/1016412890(1) dated 19.06.2019). It has received Income Tax exemption u/s 80-G. no. AACTN9188JF20211 dated 29.11.2021 (Old-ITBA/Exm/S/804/2019-20/1016517239(1) dated 26.06.2019).

By way of corpus, the Trust has already received about Rs. 1.45 crores up to December 2022. The target for December 2024 is to reach a corpus of Rs. 3 crores.

**We solicit donations from friends and well-wishers to the Trust to reach the above target to carry on the activities in a sustainable manner.**

We solicit donations from friends and well-wishers to the Trust to reach the above target to carry on the activities in a sustainable manner. Cheque may be drawn in favour of Niranjan Bhagat Memorial Trust and sent to the below address. Alternatively, you may affect a Bank transfer to the following account:

Name of the Bank: Kotak Mahindra Bank, Sanstar House, Paldi, Ahmedabad-380007
Account No.: 1013737495
Name of the account holder : Niranjan Bhagat Memorial Trust
IFSC No.: KKBK0002564

*Join us!*

## CONTACT

Niranjan Bhagat Memorial Trust
1st Floor, Ashima House, Near M. J. Library, Ahmedabad - 380006
email: secretary@nbmt.in * call: 99099 88288 * web: http://nbmt.in/

*e-newsletter archives*